# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date :- 23-09-2022 Evening : 7.50 to 8.00
Day :- Friday National News

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*************************************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં પસંદ કરેલાં ભાષણોના સંગ્રહનું આજે નવીદિલ્હીમાં વિમોચન કરવામાં આવ્યું
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આર.જે.ડી. અને કોંગ્રેસ સાથે ગઠબંધન સરકાર બનાવીને નીતિશકુમારે બિહારની જનતા સાથે દગો કર્યો છે.
- દેશમાં શિશુ મૃત્યુદર 28 થયો છે, જયારે પાંચ વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર 32 થયો
- મુંબઈ વડીઅદાલતે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથને શિવાજીપાર્કમાં દશેરા રેલી યોજવા મંજૂરી આપી
- રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવામાં મધ્યસ્થી કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે સમિતિ રચવા મેક્સિકોએ પ્રસ્તાવ મૂક્યો
- પ્રવાસ અને શિક્ષણ માટે કેનેડા ગયેલા લોકોને સાવધાની રાખવા અને જાગ્રત રહેવા વિદેશ મંત્રાલયે સલાહ આપી.

*************************************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# PMSPEECHES-BOOK RELEASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં પસંદ કરેલાં ભાષણોના સંગ્રહનું આજે નવીદિલ્હીમાં આકાશવાણી ભવન ખાતે વિમોચન કરવામાં આવ્યું છે. “પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે - સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ. આ પુસ્તકમાં નૂતન ભારતના પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણને રજુ કરવામાં આવ્યા છે. આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાન, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ તથા માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર ઉપસ્થિત રહયા હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ કહ્યું કે, આ પુસ્તક શ્રી નરેન્દ્ર મોદી સરકારના વિચારો, સંકલ્પ અને નિર્ણાયકતાને પ્રતિબિંબિત કરે છે. સુધારા અને સુશાસન આ સરકારનો મંત્ર છે જેણે લોકોનું જીવન બદલી નાખ્યું છે. માહિતી અને પ્રસારણમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, પુસ્તકમાં પ્રધાનમંત્રીના નૂતન ભારતના દ્રષ્ટિકોણ અને દેશને વિશ્વની પાંચમાક્રમની અર્થવ્યવસ્થા બનાવવા માટે તેમના દ્વારા દર્શાવવામાં આવેલ નેતૃત્વનું ચિત્રણ કરવામાં આવ્યું છે. તેમણે વિપક્ષોને આ પુસ્તક વાંચવા કહ્યું કારણ કે તેમના પ્રશ્નોના જવાબ તેમાંથી મળી જશે.

આ પ્રસંગે કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને કહ્યું કે, આ પુસ્તકમાં મહિલાઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગ પ્રત્યેની ચિંતાઓ પ્રતિબિંબિત થઈ છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્રિપલ તલાકને ખતમ કરવા માટે ઐતિહાસિક પગલું ભર્યું છે. આ પગલાનું મહત્વ ભવિષ્યમાં જોવા મળશે. નૂતન ભારત આત્મનિર્ભર બને અને આફતને અવસરમાં ફેરવવામાં સક્ષમ બને તેવી આશા અને આકાંક્ષાઓ વ્યક્ત કરતા આ પુસ્તકમાં મે 2019 થી મે 2020 દરમિયાનના પ્રધાનમંત્રીના 86 ભાષણોનો સંગ્રહ છે. તેને જુદા જુદા દસ વિષયોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

આત્મનિર્ભર ભારત, અર્થવ્યવસ્થા, લોક કેન્દ્રી શાસન, કોવિડ સામેની લડાઈ, ઉભરતા ભારત અને વિદેશી બાબતો, જય કિસાન, ટેક ઈન્ડિયા-ન્યુ ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા-રેઝિલિએન્ટ ઈન્ડિયા-ક્લીન ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા-કાર્યક્ષમ ભારત, આધુનિક ભારત-સાંસ્કૃતિક વારસો અને 'મન કી બાત' જેવી બાબતોને તેમાં આવરી લીધી છે. આ પુસ્તક હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

દેશભરના પ્રકાશન વિભાગનાં વેચાણ કેન્દ્રો અને નવી દિલ્હીમાં સૂચના ભવનની બુક ગેલેરીમાં તે ઉપલબ્ધ થશે. આ ઉપરાંત પ્રકાશન વિભાગની વેબસાઈટ તેમજ ભારતકોશ પ્લેટફોર્મ પરથી પણ ઓનલાઈન ખરીદી શકાય છે. ઈ-બુક્સ એમેઝોન અને ગૂગલ પ્લેપર પણ ઉપલબ્ધ હશે..

# PM-ENVIRONMENT CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નૂતન ભારત ટકાઉ વિકાસલક્ષી બાબતોમાં અગ્રણી તરીકે ઉભરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સૌરમંડળથી માંડીને જીવનધોરણ સુધી, તમામ બાબતોમાં ભારતનું નેતૃત્વ રહ્યું છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યોના પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે, ભારત નવા અભિગમ અને નવી વિચારસરણી સાથે આગળ વધી રહ્યું છે. ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને ભારત પર્યાવરણીય રીતે મજબૂત બની રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશનું વન આવરણ વધ્યું છે અને જળપ્લાવિત વિસ્તારો પણ ઝડપથી વિસ્તરી રહ્યાં છે. તેમણે કહ્યું કે, વર્ષોથી ગીરના સિંહ, વાઘ, હાથી, એક શિંગડાવાળા ગેંડા અને દીપડાઓની સંખ્યામાં વધારો થયો છે. હવે ભારત દ્વારા ચિતાનું ઉષ્માભર્યું સ્વાગત કરીને તેનો ઉમેરો કર્યો છે. પ્રધાનમંત્રીએ 2070 સુધીમાં દેશમાં શૂન્ય ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવા માટે રાજ્યોને સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી. અર્થતંત્રને વેગ આપવા અને ભાવિ પેઢીઓ માટે પર્યાવરણના સંરક્ષણમાં લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. ઘન કચરાના વ્યવસ્થાપન અને સિંગલ-યુઝપ્લાસ્ટિકને નાબૂદ કરવા તરફના પ્રયત્નોને છે. તેમણે પરિષદમાં ઉપસ્થિત તમામ રાજ્યોને પર્યાવરણ સંરક્ષણમાં શ્રેષ્ઠ પ્રયાસો શીખવા અને સમગ્ર ભારતમાં સફળ ઉકેલો લાગુ કરવા વિનંતી કરી.

અગાઉ, કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે બે દિવસીય પરિષદમાં જીવન, આબોહવા પરિવર્તન, વનવિસ્તાર વ્યવસ્થાપન, પ્રદૂષણ નિયંત્રણ, વન્યજીવન વ્યવસ્થાપન, પ્લાસ્ટિક અને કચરાનું વ્યવસ્થાપન વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પર્યાવરણ રાજ્યમંત્રી અશ્વિનીકુમાર ચૌબે ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસીય પરિષદમાં તમામ રાજ્યોના પર્યાવરણ મંત્રીઓ અને સચિવો ભાગ લઈ રહ્યા છે..

# CHILDREN - PM GIFT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપવામાં આવેલી ભેટની ઓનલાઈન હરાજી ચાલી રહી છે, અને તે બીજી ઓક્ટોબર સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન એક હજાર 222 સ્મૃતિચિહ્નોની હરાજી થશે. આ ભેટમાં સૌથી ઓછી કિંમત સો રૂપિયા અને સૌથી વધુ કિંમત પાંચ લાખ રૂપિયા છે.

શાળાઓનાં 350 થી વધુ વિદ્યાર્થીઓ, વિકલાંગ બાળકો દ્વારા આજે નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટસની મુલાકાત લેવામાં આવી હતી. તેમાં શ્રી નરેન્દ્ર મોદીને મળેલી ભેટ પ્રદર્શિત કરવામાં આવી છે..

# AMITSHAH- BIHAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આર.જે.ડી. અને કોંગ્રેસના ગઠબંધન સાથે સરકાર બનાવીને નીતિશકુમારે બિહારની જનતા સાથે દગો કર્યો છે. બિહારમાં પૂર્ણિયાના રંગભૂમિ મેદાન ખાતે જનભાવના સંમેલનને સંબોધતાં શ્રી શાહે આક્ષેપ મુક્યો કે નીતિશકુમાર ખુરશી ખાતર રાજ્યના લોકોને છેતરી રહ્યા છે. તેઓ સ્વાર્થ અને સત્તાની રાજનીતિ કરી રહ્યા છે જયારે ભાજપ લોકોની સેવા અને વિકાસ માટે કામ કરે છે. તેમણે કહ્યું કે બિહારના લોકોએ નરેન્દ્ર મોદીના નામ પર મત આપ્યા પરંતુ નીતીશ કુમારે જનાદેશનું ઉલ્લંઘન કર્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ પ્રશ્ન કર્યો કે શું નીતિશકુમાર રાજકીય જોડાણ બદલીને પ્રધાનમંત્રી બની શકશે ? રાજકારણમાં આવ્યા ત્યારથી તેમણે ઘણા લોકોને દગો આપ્યો છે. શ્રી શાહે લાલુપ્રસાદને ચેતવણી આપી કે નીતીશકુમાર કાલે તેમને પાછળ છોડીને કોંગ્રેસના ખોળામાં બેસી શકે છે. તેમણે કહ્યું કે લાલુ-નીતીશની જોડી હવે ખુલ્લી પડી ગઈ છે. બિહારને વિકાસ માટે ભાજપની જરૂર છે.

શ્રી શાહે, કિશનગંજમાં સાંસદો, ધારાસભ્યો અને ભાજપના પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી કિશનગંજના સીમા સુરક્ષા બલના કેમ્પમાં આવતીકાલે ફતેહપુર, પેકટોલા, બેરિયા આમગાચી અને રાનીગંજની સરહદ નિરિક્ષણ પોસ્ટના બિલ્ડિંગનું ઉદઘાટન કરશે. આ ઉપરાંત B.S.F. કેમ્પમાં B.S.F., S.S.B. અને I.T.B.P.ના મહાનિર્દેશક સાથે સરહદ સુરક્ષાની સમીક્ષા કરશે. દિલ્હી રવાના થતા પહેલાંશ્રી અમિત શાહ કિશનગંજની માતા ગુજરી કોલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે. શ્રી શાહ બુરહી કાલી મંદિરમાં દર્શને જશે..

# INDIA- CHILD MORTALITY

દેશમાં શિશુ મૃત્યુદર 28 થયો છે, જયારે પાંચ વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર 32 થયો છે. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ સ્ટેટિસ્ટિકલ રિપોર્ટ 2020 મુજબ, દેશમાં 2014થી શિશુ મૃત્યુદર, નવજાત મૃત્યુદર અને પાંચથી નીચેના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

શિશુ મૃત્યુદર બે પોઈન્ટ ઘટીને 2020 માં દર એક હજાર બાળ જન્મ દીઠ 28 થયો છે, જે 2019 માં 30 હતો. તેજ રીતે પાંચ વર્ષ સુધીના બાળકોનો મૃત્યુદર પણ 2020 માં 35 થી ઘટીને 32 થયો છે. નવજાત મૃત્યુદર પણ 2019 માં 22 થી ઘટીને 2020 માં 20 થયો છે. આરોગ્ય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આ સિધ્ધિ બદલ આરોગ્ય કર્મચારીઓનો આભાર માન્યો છે..

# MANDAVIYA– AYUSHMAN

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના અમલીકરણના ચાર વર્ષ નિમિત્તે આ રવિવારે આરોગ્ય મંથન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ યોજનામાં આર્થિક રીતે નબળા પરિવારોને વાર્ષિક પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે. તેમાં દેશના દસ કરોડથી વધુ ગરીબ પરિવારોને આવરી લીધાં છે.

સપ્ટેમ્બર 2018 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેનો આરંભ કર્યો હતો. બે દિવસીય આ આરોગ્ય મંથન કાર્યક્રમને આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા ખુલ્લો મુકશે. તેમાં આરોગ્ય સંભાળક્ષેત્રના વૈશ્વિક અને રાષ્ટ્રીયસ્તરના નિષ્ણાતો ઉપરાંત શિક્ષણ, ઉદ્યોગ અને મીડિયાના પ્રતિનિધિઓ ભાગ લેશે..

# HC-SHIV SENA

મુંબઈ વડી અદાલતે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથને પાંચમી ઓક્ટોબરે મુંબઈના શિવાજી પાર્કમાં દશેરા રેલી યોજવા મંજૂરી આપી છે. ન્યાયમૂર્તિઓ આર. ડી. ધાનુકા અને કમલ ખાટાએ જણાવ્યું કે બૃહદ મુંબઈ મહાનગરપાલિકાનો નિર્ણય વાજબી નથી. સુનાવણી દરમિયાન, ઉદ્ધવ ઠાકરે જૂથ તરફથી એડવોકેટ અસ્પી ચિનોયે દલીલ કરી કે શિવસેના 1966 થી શિવાજી પાર્કમાં વાર્ષિક દશેરા રેલી કરે છે. મહાનગરપાલિકાના એડવોકેટ ડૉ. મિલિંદ સાઠેએ રજૂઆત કરી કે 2016 ના સરકારી ઠરાવમાં શિવાજી પાર્કમાં દશેરા રેલી માટે પરવાનગીનો ઉલ્લેખછે પરંતુ શિવસેનાની દશેરા રેલીનો ઉલ્લેખ નથી. તેમણે જણાવ્યું કે બીજા જૂથ દ્વારા રેલીની માંગણીના કારણે કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ધ્યાનમાં રાખીને પરવાનગી આપી નહોતી. અદાલતે પૂછ્યું કે છેલ્લા સાત દાયકામાં ક્યારેય કાયદો અને વ્યવસ્થાની કોઈ સ્થિતિ ઉભી થઇ નથી.

અદાલતે 2જીથી 6ઠ્ઠી ઑક્ટોબર દરમિયાન પાર્કમાં વિડિયો રેકોર્ડિંગ કરવાનું કહ્યું, અને ચેતવણી આપી કે જો અરજદારો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે જવાબદાર હશે, તો ભવિષ્યમાં આવી પરવાનગીને અસર થશે. વડી અદાલતે એકનાથ શિંદે જૂથના ધારાસભ્ય સદા સરવણકરની અરજીને ફગાવી દીધી હતી. વાસ્તવિક શિવસેના અંગેના મુદ્દાનો ઉકેલ ન આવેત્યાં સુધી આ બાબત સ્થગિત કરવાની તેમણે અરજી કરી હતી.

# MEXICO- UKRAINE MODI

રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવામાં મધ્યસ્થી કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે સમિતિ રચના કરવા મેક્સિકોએ પ્રસ્તાવ મૂક્યો છે. રાષ્ટ્રસંઘ દ્વારા પ્રસ્તાવિત આ સમિતિમાં અન્ય સભ્યોમાં પોપ ફ્રાન્સિસ અને રાષ્ટ્રસંઘ મહાસચિવ એન્ટોનિયો ગટેરેસનો સમાવેશ થાય છે.

મીડિયા અહેવાલો અનુસાર, રાષ્ટ્રસંઘ સુરક્ષા પરિષદમાં યુક્રેન અંગેની ચર્ચામાં ભાગ લેતી વખતે મેક્સીકોના વિદેશ મંત્રી માર્સેલો લુઈએ આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તાજેતરમાં ઉઝબેકિસ્તાનના પાટનગર સમરકંદમાં શાંઘાઈ સહકાર સંગઠનની બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટીનને મળ્યા બાદ આ વાત સામે આવી છે.

બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે "આજનો યુગ યુદ્ધનો નથી." પ્રધાનમંત્રીની આ ટિપ્પણીને અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટન સહિત વિશ્વભરમાં ઘણા દેશોએ આવકારી છે..

# MEACANADA ADVISORY

કેનેડામાં વસતા ભારતીય વિદ્યાર્થીઓ તથા પ્રવાસ અને શિક્ષણ માટે કેનેડા ગયેલા લોકોને સાવધાની રાખવા અને જાગ્રત રહેવા વિદેશ મંત્રાલયે સલાહ આપી છે. વિદેશ મંત્રાલયે આજે બહાર પાડેલી સૂચનામાં ભારતીય નાગરિકોને તકેદારી રાખવા સલાહ આપી છે.

કેનેડામાં ધાર્મિક સમુદાય પ્રત્યે નફરત, સાંપ્રદાયિક હિંસા અને ભારત વિરોધી ગતિવિધિઓની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ સલાહ આપી છે. વિદેશ મંત્રાલય, ભારતીય હાઈકમિશન અને કોન્સ્યુલેટ જનરલે આ ઘટનાઓ અંગે કેનેડાના સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરી છે અને આ ગુનાઓની તપાસ કરી યોગ્ય પગલાં લેવા વિનંતી કરી છે. આ સંદર્ભમાં ઓટાવામાં ભારતીય હાઈકમિશન કે ટોરોન્ટો અને વાનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલમાં કે તેની વેબસાઈટ અથવા પોર્ટલ મદદ ડોટ GOV ડોટ ઈન દ્વારા જાણ કરી શકે છે..

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી ન નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. તે માસિક રેડિયો કાર્યક્રમનો ૯૩મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ AIR પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે..

# GOVT- POSHAN VATIKAS

કેન્દ્ર સરકારે કહ્યું છે કે ચાર લાખ 37 હજાર આંગણવાડી કેન્દ્રોએ પોષણ વાટિકાની સ્થાપના કરી છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું છે કે, ફળો, શાકભાજી, ઔષધીય વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓની સરળ અને સસ્તી પહોંચ માટે પોષણ વાટિકાઓ અથવા પોષક બગીચાઓ દેશભરમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. પોષણ માહ હેઠળ, સમગ્ર દેશમાં પોષણ વાટિકાની સ્થાપના માટેની પ્રવૃત્તિઓ મોટાપાયે હાથ ધરવામાં આવી છે.

મંત્રાલયે કહ્યું કે છ રાજ્યોના કેટલાક પસંદ કરાયેલા જિલ્લાઓમાં અત્યાર સુધીમાં એક લાખ 10 હજાર ઔષધીય છોડ વાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2018 માં પોષણ અભિયાન શરૂ કર્યું હતું, તેનો હેતુ બાળકો, કિશોરો, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓના પોષણમાં સુધારો કરવાનો છે..

# APEDA-EXPORT

ખેડા જિલ્લાના નડિયાદમાંથી છોડ આધારિત માંસ ઉત્પાદનોનો પ્રથમ જથ્થો અમેરિકાના કેલિફોર્નિયામાં નિકાસ કરવામાં આવ્યો છે. કૃષિ પ્રક્રિયા આધારિત આહાર ઉત્પાદનની નિકાસને વેગ આપવાના પગલામાં, અપેડા દ્વારા શાકાહારી આહાર કેટેગરી હેઠળ છોડ આધારિત માંસ ઉત્પાદનોના પ્રથમ જથ્થાની નિકાસ કરી છે.

વાણિજ્ય અને ઉદ્યોગમંત્રાલયે જણાવ્યું છે કે, શાકાહારી ખાદ્ય ઉત્પાદનોના ઉચ્ચ પોષક મૂલ્યને કારણે છોડ આધારિત ખાદ્ય ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય બજારમાં વિશાળ નિકાસની સંભાવના છે. સમૃદ્ધ રેષા અને ઓછા કોલેસ્ટ્રોલના લીધે, શાકાહારી ખાદ્ય ઉત્પાદનો વિશ્વભરમાં વૈકલ્પિક ખાદ્ય ઉત્પાદનો બની રહ્યાં છે. અંદાજે પાંચ હજાર કિલોના આ જથ્થામાં સમોસા, ગરમ અને મસાલેદાર સ્ટ્રીપ્સ, મોમો, સ્પ્રિંગ રોલ્સ, નગેટ્સ અને ગ્રિલ્ડ પૅટી સહિત અન્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

અપેડાએ આગામી મહિનાઓમાં ઓસ્ટ્રેલિયા, ઈઝરાયેલ, ન્યુઝીલેન્ડ અને અન્ય દેશોમાં પેનકેક, નાસ્તા અને ચીઝ સહિત વિવિધ શાકાહારી નાસ્તાને મોકલવાની યોજના બનાવી છે..

# TELECOM BILL

સંદેશ વ્યવહાર મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે નવા ટેલિકોમ ખરડાનો ઉદ્દેશ્ય વપરાશકર્તાઓને સાયબર છેતરપિંડીથી બચાવવાનો છે અને આ બિલ વપરાશકર્તાઓની સુરક્ષા માટે છે.

નવી દિલ્હીમાં ટેલિકોમ બિલના મુસદ્દા અંગે મીડિયા સાથે વાતચીત કરતાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે મુસદ્દો તૈયાર કરવા માટે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. તેમાં વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓનો વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ બિલને વધુ પરામર્શ માટે રજૂ કરવામાં આવ્યું છે. બિલનો મુસદ્દો સરળ ભાષામાં તૈયાર કરવામાં આવ્યો છે અને અપ્રચલિત જોગવાઈઓ દૂર કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું કે વપરાશ કરનારને બિનજરૂરી ફોનકોલથી સુરક્ષિત કરવામાં આવશે અને તેમની ઓળખ થઇ શકશે. તેમણે ધ્યાન દોર્યું કે ટેલિકોમ એ સમગ્ર ડિજિટલ અર્થવ્યવસ્થાનું આરંભ બિંદુ છે. તે આર્થિક વૃદ્ધિનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.

શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે ટેલિકોમ સેવાઓના 117 કરોડ ગ્રાહકો છે અને ટેલિકોમ ક્ષેત્ર 40 લાખ લોકોને રોજગારી આપે છે. મંત્રીએ કહ્યું કે સ્પેક્ટ્રમ એક સાર્વજનિક જરૂરિયાત છે અને તેના અસરકારક ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. સ્પેક્ટ્રમ સરકારની અમુક શ્રેણીઓ અને સંરક્ષણ જેવા જાહેર કાર્યો સિવાય માત્ર હરાજી દ્વારા આપવામાં આવે છે..